Foundational Literacy & Numeracy

FLN

# ગુજરાતી વર્કશીટ




समग्र शिक्षा
Samagra Shiksha

જીસીઈઆરટી, ગાંધીનગર

GCERT
Gandhinagar

# આ સાહિત્ય અંતર્ગત....

પ્રિય શિક્ષક મિત્રો,
સ્નેહ સ્મરણ

આપને 'FLN શિક્ષક માર્ગદર્શિકા' અને 'ગુજરાતી વર્કશીટ'ની સોફ્ટ કૉપી ઉપલબ્ધ થઈ ગઈ હશે. આ તમામ સામગ્રી મિશન FLN અંતર્ગત તૈયાર કરવામાં આવી છે.

'નિપુણ ગુજરાત' પ્રકલ્પની સંકલ્પના અને એના હેતુથી હવે આપણે સહુ સારી રીતે વાકેફ થઈ ગયા છીએ એટલે તે અંતર્ગત કરવાની થતી કામગીરી અને અપેક્ષિત પરિણામોને હાંસલ કરવા માટે આપણે સહુ હાલમાં કાર્યરત છીએ. ઉપર નિર્દિષ્ટ તમામ અભ્યાસ સામગ્રી આપણે ખૂબ લાંબા વિચાર વિમર્શને અંતે જહેમતપૂર્વક તૈયાર કરી છે. 'FLN શિક્ષક માર્ગદર્શિકા' ના ગુજરાતી વિષયમાં મૂકેલ મહાવરા મુજબ જ વિદ્યાર્થીઓ માટે 'ગુજરાતી વર્કશીટ' પણ ઉપલબ્ધ થાય તો વિદ્યાર્થીઓને જરૂરી મહાવરો કરવાની સગવડતા રહે. એ પણ જરૂરી લાગતા 'ગુજરાતી વર્કશીટ બુક' તૈયાર કરી છે જેની સોફ્ટ કોપી આપને પહોંચાડી રહ્યા છીએ.
આ વર્કશીટ 'FLN શિક્ષક માર્ગદર્શિકા'માં સમાવિષ્ટ પ્રકરણોના કદમોમાં જે મહાવરા મૂકવામાં આવ્યા છે એને અહીં સ્વતંત્ર રૂપે મૂકવામાં આવ્યા છે જેથી વિદ્યાર્થીઓની જે સ્તરે કચાશ અનુભવાતી હોય તે સ્તરે સમજ સ્પષ્ટ કર્યા પછી દઢિકરણ માટે એનો ઉપયોગ કરી શકાય. આપ સૌ શિક્ષકમિત્રોએ વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ આ સામગ્રીનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાનો રહે છે. પોતાના વિદ્યાર્થીઓ માટે જ્યાં જરૂર લાગતી હોય એ કદમ મુજબ વર્કશીટનો ઉપયોગ કરી શકાય. શિક્ષકોએ પોતાના વિદ્યાર્થીઓની પ્રવર્તમાન સ્થિતિ જાણી-ચકાસીને એ મુજબ આગળ વધવું એ અપેક્ષિત છે.

સૌ સારસ્વત મિત્રો, FLN અંતર્ગત અન્ય અભ્યાસ સામગ્રી ઉપરાંત આ 'ગુજરાતી વર્કશીટ'નો પણ વિદ્યાર્થીઓ માટે જરૂરિયાત મુજબ ઔચિત્યપૂર્ણ ઉપયોગ કરશો એવી અપેક્ષા સાર્થક થાય એ જ અભ્યર્થના!

**સૌની શિક્ષણયાત્રા શ્રેયસ્કર બની રહે એવી શુભભાવના!**

# અનુક્રમણિકા

## ગુજરાતી


| ક્રમ | એકમનું નામ અને તેમાં સમાવિષ્ટ વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | કદમ - ૧ ગ, મ, ન, જ, ા (કાનો), વ, ર, સ, દ, ે (માત્રા) | ૧ |
| ૨ | કદમ - ૨ ક, બ, અ, છ, એ, આ, પ, ડ, ત, ણ, ઇ, ઈ, િ ,ી | ૭ |
| ૩ | કદમ - ૩ લ, ટ, ચ, ખ, ૈ(બે માત્રા), ઝ, હ, ઘ, ળ, ( ુ) ઉ, ( ૂ) ઊ | ૧૩ |
| ૪ | કદમ - ૪ ભ,ય,ધ,ફ, ો ,ૌ, ઢ, ઠ, શ, થ, ં (અનુસ્વાર) | ૧૯ |
| ૫ | કદમ - ૬ ષ, ત્ર, જ્ઞ, ક્ષ, શ્ર, ઋ, રૂ | ૨૫ |
| ૬ | કદમ - ૭ સદંડી જોડાક્ષરો | ૩૦ |
| ૭ | કદમ - ૮ દંડરહિત સમાન અક્ષરોના જોડાક્ષરો | ૩૩ |
| ૮ | કદમ - ૯ અસમાન જોડાક્ષરો | ૩૬ |
| ૯ | કદમ - ૧૦ પૃ, પ્ર, ક્ર, ર્વ જેવા જોડાક્ષરો | ૩૯ |
| ૧૦ | કદમ - ૧૧ વાચન-અર્થગ્રહણ અને સ્વતંત્રલેખનની સામગ્રી | ૪૩ |

# કદમ-૧

● **વિષયવસ્તુના મુદ્દા :-** ગ, મ, ન, જ, ા (કાનો), વ, ર, સ, દ, ` (માત્રા)

❀ **નીચેના જેવા શબ્દો પરથી અક્ષર પર ◯ કરો.**

(ગ) – મગર, નગર, મગ, ગજ, જગ (શબ્દમાં 'ગ' ઉપર ◯ કરવું)

(મ) – મરચું, જામફળ, જમરૂખ, મગર (શબ્દમાં 'મ' ઉપર ◯ કરવું)

(ન) – નગર, નજર, ગગન, નગારું, જતન (શબ્દમાં 'ન' ઉપર ◯ કરવું)

(જ) – જતન, નજર, જમરૂખ, જમના (શબ્દમાં 'જ' ઉપર ◯ કરવું)

❀ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરો અને આપેલ ખાનામાં લખો.**

મ + જા → ☐

ના + ગ → ☐

ગા + મ → ☐

ગ + ગ + ન → ☐

મ + ગ + ન → ☐

ગ ગ

મ મ

ન ન

જ જ

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગા | ગા | | | | | | | | | |
| મા | મા | | | | | | | | | |
| ના | ના | | | | | | | | | |
| જા | જા | | | | | | | | | |

❁ **ન, મ, ગ, જ અક્ષર પરથી શબ્દ બનાવો.**

ન મ....... ગ ....... મ ....... જ .......

ના ....... ગા ....... મા ....... જા .......

❁ **ચિત્ર જોઇને શબ્દ લખો.**







..................... ..................... .....................

❁ **આડા-અવળા અક્ષરોને ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

૧. નનમ મનન......... ૨. નગમ ......... ૩. ગનગ .........

૪. મગા ..... ૫. જગાર ........ ૬. ગમ ...........

❁ **કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પૂર્ણ કરો. (નમ, જા, મગ, ગામ, જમ, ગાજર)**

૧. નમન નમ..... ૨. મગન ..... જમ. ૩. ગગન ........

૪. મનન ..... જા. ૫. ગમન ...... ૬. જગન ......... જમ.

❁ **નીચેના જેવા શબ્દો પરથી અક્ષર પર ◯ કરો.**

| | |
|---|---|
| (દ) - દવા, દમ, મદન, સાદર | (શબ્દમાં 'દ' ઉપર ◯ કરવું.) |
| (ર) - રસમ, સરદાર, રસ, દર | (શબ્દમાં 'ર' ઉપર ◯ કરવું.) |
| (સ) - સરસ, સરદાર, દાસ, સદા | (શબ્દમાં 'સ' ઉપર ◯ કરવું.) |
| (વ) - વહાણ, વરસાદ, વનરાજ, વગદાર | (શબ્દમાં 'વ' ઉપર ◯ કરવું.) |

❁ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરો અને આપેલ ખાનામાં લખો.**

સે + વ → ☐

ગા + જે → ☐

ગા + જ + ર → ☐

વ + ર + સા + દ → ☐

વ + ન + રા + જ → ☐

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **વ** | વ | વ | વ | વ | વ | વ | વ | વ | વ | વ |
| | વ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **ર** | ર | ર | ર | ર | ર | ર | ર | ર | ર | ર |
| | ર | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **સ** | સ | સ | સ | સ | સ | સ | સ | સ | સ | સ |
| | સ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **દ** | દ | દ | દ | દ | દ | દ | દ | દ | દ | દ |
| | દ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વે | વે | | | | | | | | | |
| રે | રે | | | | | | | | | |
| સે | સે | | | | | | | | | |
| દે | દે | | | | | | | | | |

❁ શીખેલા અક્ષરોના આધારે શબ્દ બનાવો. (ન, મા, ગા, જ, વા, ર, સા, દે)

નમન
............. ............. ............. .............

............. ............. ............. .............

❁ ચિત્ર જોઇને શબ્દ લખો.







.................... .................... ....................

❁ આડા-અવળા અક્ષરોને ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.

૧. મસર ........ (રસમ) ૨. રેવાસ ......... ૩. સરા .........


૪. રસાવદ ..... ૫. વજરાન ........ ૬. વાદ ..........

❁ કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પૂર્ણ કરો. (નમ, જમે, ગાજર, રમે, સવારે, વરસે)

૧. દાદા ..... જાગે છે. ૨. દેવ રાસ ..... ૩. રામ મગ .....

૪. મનન ..... ૫. મગન ........ જમ. ૬. વરસાદ ..........

❁ **નીચે આપેલ ચિત્રના આધારે શબ્દો લખો.**



(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

● **મહાવરા માટે :**

❁ **શબ્દોનું વાચન કરો.**

નમન , નગર , માન , મામા , માસ , સેવ , દેવ , દેવા , રેવા , મેના , સાજા

❁ **વાક્યોનું વાચન કરો.**

- રમણ જમ
- વરસાદ વરસે.
- રામ ગામ જા.
- રામ ગાજર જમ.

❁ શિક્ષક અને વાલીની મદદથી શબ્દ, વાક્ય અને ફકરાનું શ્રુતલેખન અહીં કરો.

# કદમ-૨

● **વિષયવસ્તુના મુદ્દા :-** ક, બ, અ, છ, એ, પ, ડ, ત, ણ, ઇ, ઈ, િ, ી

❊ **નીચેના જેવા શબ્દો પરથી અક્ષર પર ◯ કરો.**

(ક) – કલમ, કનક, ચમક (શબ્દમાં 'ક' ઉપર ◯ કરવું.)

(બ) – બજાર, અજબ, અકબર (શબ્દમાં 'બ' ઉપર ◯ કરવું.)

(અ) – અચલા, અછત, અનાજ (શબ્દમાં 'અ' ઉપર ◯ કરવું.)

(છ) – અછબડા, છત, અછત (શબ્દમાં 'છ' ઉપર ◯ કરવું.)

(આ) – આકાર, આપણે, આવજે (શબ્દમાં 'આ' ઉપર ◯ કરવું.)

(એ) – એરણ, એકતા, એકનાથ (શબ્દમાં 'એ' ઉપર ◯ કરવું.)

❊ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરો અને આપેલ ખાનામાં લખો.**

કા + મ → ☐

આ + ગ → ☐

કે + ર + મ → ☐

અ + જ + ગ + ર → ☐

અ + ન + ના + સ → ☐

| ક | ક | ક | ક | ક | ક | ક | ક | ક | ક | ક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ક | | | | | | | | | |

| બ | બ | બ | બ | બ | બ | બ | બ | બ | બ | બ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | બ | | | | | | | | | |

| અ | અ | અ | અ | અ | અ | અ | અ | અ | અ | અ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અ | | | | | | | | | |

| છ | છ | છ | છ | છ | છ | છ | છ | છ | છ | છ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | છ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કા | કા | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બે | બે | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આ | આ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એ | એ | | | | | | | | | |

❁ **શીખેલા અક્ષરોના આધારે શબ્દ બનાવો. (ક, આ, જા, અ, કે, છે, એ, જે)**

કલમ ............. ............. ............. .............

............. ............. ............. .............

❁ **ચિત્ર જોઇને શબ્દ લખો.**





.................. .................. ..................

❁ **આડા-અવળા અક્ષરોને ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

૧. જાબર બજાર ........ ૨. કારઆ ......... ૩. કતાએ .........

૪. નમેદા ..... ૫. નાનસઅ ........ ૬. નાઅજ ..........

❁ **કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પૂર્ણ કરો. (કાકા, બેન, બા, બસ, ગામ, બજાર)**

૧. આ એક ગામ ....... છે. ૨. આવ ..... આવ. ૩. આ ..... છે.

૪. છગન ..... માં બેસે છે. ૫. આવ ..... આવ. ૬. વેદ ........... જા.

❁ **શબ્દ પરથી વાક્ય બનાવો.**

૧. ગામ - ......................... ૨. કેરમ - .........................

૩. સેવ - ......................... ૪. બસ - .........................

❁ નીચેના જેવા શબ્દો પરથી અક્ષર પર ☐ કરો.

 પ - પતંગ, પીપ, પરેશ, પાપ (શબ્દમાં 'પ' ઉપર ☐ કરવું.)

ડ - ડગલો, વડ, ડમરું, વાડ (શબ્દમાં 'ડ' ઉપર ☐ કરવું.)

ત - તપેલી, તડબૂચ, તવી, રેત (શબ્દમાં 'ત' ઉપર ☐ કરવું.)

ણ - ફેણ, છાણ, રણ (શબ્દમાં 'ણ' ઉપર ☐ કરવું.)

ઈ - ઈનામ, ઈસ, ઈલાજ, ઈશ (શબ્દમાં 'ઈ' ઉપર ☐ કરવું.)

❁ અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરો અને આપેલ ખાનામાં લખો.

પા ક્રી → ☐

વા ણી → ☐

બા જ રી → ☐

આ ગ ગા ડી → ☐

નિ સ ર ણી → ☐

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | પ | પ | પ | પ | પ | પ | પ | પ | પ | પ |
| | પ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ |
| | ડ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ત | ત | ત | ત | ત | ત | ત | ત | ત | ત | ત |
| | ત | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ણ | ણ | ણ | ણ | ણ | ણ | ણ | ણ | ણ | ણ | ણ |
| | ણ | | | | | | | | | |


| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પી | પી | | | | | | | | | |
| ડી | ડી | | | | | | | | | |
| તિ | તિ | | | | | | | | | |
| ણિ | ણિ | | | | | | | | | |

❋ શીખેલા અક્ષરોના આધારે શબ્દ બનાવો. (પા, આ, બ, કિ, ઇ, વે, ને, રી)

પાણી .............. .............. .............. ..............

.............. .............. .............. ..............

❋ ચિત્ર જોઇને શબ્દ લખો.


..................... ..................... .....................

❋ આડા-અવળા અક્ષરોને ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.

૧. નામઇ ઇનામ........ ૨. કબરી ......... ૩. ડીગા .........

૪. સરણીનિ ..... ૫. ગડીસ ........ ૬. તંગપ ..........

❋ કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પૂર્ણ કરો. (આગગાડી, ગાજર, ગરમ, પાપડ)

૧. સગડી ગરમ................ છે. ૨. ........................ આવે છે.

૩. રામ ............... જમે છે. ૪. બા .................... આપે છે.

❋ શબ્દ પરથી વાક્ય બનાવો.

૧. બકરી - ............................... ૨. ગાડી - ..............................

૩. પાણી - ............................... ૪. કીડી - ..............................

❋ નીચે આપેલ ચિત્રના આધારે શબ્દો અને વાક્યોનું લેખન કરો.



(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

--------------------------------------------------------

--------------------------------------------------------

--------------------------------------------------------

--------------------------------------------------------

--------------------------------------------------------

--------------------------------------------------------

● મહાવરા માટે :

❋ શબ્દોનું વાચન કરો.

પાસ , પીપ , ડામ , ડેમ , રેતી , આગગાડી , ઈજનેર , ઇનામ ,પાપડી

❋ વાક્યોનું વાચન કરો.

- નદી મને ગમે છે.
- એક નારી જાય છે.
- આ નિસરણી છે.
- ઈજનેર જાય છે.
- મને રમત ગમે છે.
- વરસાદ આવે છે.
- બેન રમત રમાડે છે.
- તેજ તાપે છે.
- મમતા માપે છે.
- પારસ પાપડ ગણે છે.

❊ શિક્ષક અને વાલીની મદદથી શબ્દ, વાક્ય અને ફકરાનું શ્રુતલેખન અહીં કરો.

# કદમ-૩

● **વિષયવસ્તુના મુદ્દા :-** લ, ટ, ચ, ખ, ૈ (બે માત્રા), ઝ, હ, ઘ, ળ, ( ુ ) ઉ, ( ૂ ) ઊ

✽ **નીચેના જેવા શબ્દો પરથી અક્ષર પર ☐ કરો.**

ટ - ટચલી, ટપક, ટનાટન, પાટલી (શબ્દોમાં 'ટ' ઉપર ☐ કરવું.)

ચ -ચકલી, ચકરડી, ચમેલી, બચત (શબ્દોમાં 'ચ' ઉપર ☐ કરવું.)

લ -લખોટી, લજામણી, લપસણી, વેલણ (શબ્દોમાં 'લ' ઉપર ☐ કરવું.)

ખ -ખલ, ખજાનચી, શંખ, ખખડાટ (શબ્દોમાં 'ખ' ઉપર ☐ કરવું.)

દૈ -દૈનિક, દૈવત, સદૈવ (શબ્દોમાં 'દૈ' ઉપર ☐ કરવું.)

✽ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરો અને આપેલ ખાનામાં લખો.**

ટ પા લી → ☐

ચૈ ત ર → ☐

લ જા મ ણી → ☐

ખ જા ન ચી → ☐

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લ | લ | લ | લ | લ | લ | લ | લ | લ | લ | લ |
| | લ | | | | | | | | | |
| ટ | ટ | ટ | ટ | ટ | ટ | ટ | ટ | ટ | ટ | ટ |
| | ટ | | | | | | | | | |
| ચ | ચ | ચ | ચ | ચ | ચ | ચ | ચ | ચ | ચ | ચ |
| | ચ | | | | | | | | | |
| ખ | ખ | ખ | ખ | ખ | ખ | ખ | ખ | ખ | ખ | ખ |
| | ખ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| લૈ | લૈ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ટૈ | ટૈ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ચૈ | ચૈ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખૈ | ખૈ | | | | | | | | | |

❋ શીખેલા અક્ષરોના આધારે શબ્દ બનાવો. (લા, બા, ચૈ, કૈ, બિ, લ, જૈ, સૈ)

લાખ ............. ............. ............. .............

............. ............. ............. .............

❋ ચિત્ર જોઇને શબ્દ લખો.







.................... .................... ....................

❋ આડા-અવળા અક્ષરોને ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.

૧. પાલીટ ટપાલી ........ ૨. પાલીટ ......... ૩. લટીખો .........

૪. રીજબા ..... ૫. નચીખજા ........ ૬. ચલીટ .........

❋ કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પૂર્ણ કરો. (ચૈતર, ઐરાવત, ટપાલ, વગાડે)

૧. ....ચૈતર.... મહિનો છે. ૨. ટપાલી ..................... લાવે છે.

૩. આ ............... છે. ૪. રાજા ................... વાજા.

❋ શબ્દ પરથી વાક્ય બનાવો.

૧. કાબર - ............................. ૨. સૈનિક - .............................

૩. પૈસા - ............................. ૪. ચકલી - .............................

❀ નીચેના જેવા શબ્દો પરથી અક્ષર પર ☐ કરો.

ઝ - ઝરણું, ઝબૂક, ઝટ (શબ્દમાં 'ઝ' ઉપર ☐ કરવું.)

હ - હજૂર, હરણ, હજ, હક (શબ્દમાં 'હ' ઉપર ☐ કરવું.)

ઘ - ઘટાદાર, ઘર, ઘડિયાળ, ઘનઘોર (શબ્દમાં 'ઘ' ઉપર ☐ કરવું.)

ળ - નળ, જામફળ, ઝાકળ, મૂળ (શબ્દમાં 'ળ' ઉપર ☐ કરવું.)

❀ અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરો અને આપેલ ખાનામાં લખો.

ઝા લ ર → ☐

ઈ લા જ → ☐

સૂ ર જ → ☐

ઘ ડિ યા ળ → ☐

ક બૂ ત ર → ☐

ઝ

ઘ

હ

ળ

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઝુ | ઝુ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘુ | ઘુ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હૂ | હૂ | | | | | | | | | |


| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ળૂ | ળૂ | | | | | | | | | |

❉ શીખેલા અક્ષરોના આધારે શબ્દ બનાવો. (ઘ, સૈ, કુ, સુ, મુ, હ, ળ, ઝ)

ઘર ............. ............. ............. .............

............. ............. ............. .............

❉ ચિત્ર જોઇને શબ્દ લખો.


.................... .................... ....................

❉ આડા-અવળા અક્ષરોને ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.

૧. ણીરબ બરણી ૨. ઝાળક ......... ૩. બૂરકત .........

૪. ઘચાળડિ ..... ૫. ડઘુવ ........ ૬. ળામૂ ...........

❉ કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પૂર્ણ કરો. (જામફળ, ઊડે, લેસન, ઝડપી)

૧. કબૂતર ઊડે છે. ૨. ................. એ ફળ છે.

૩. છગન ............. ચાલે છે. ૪. કેવલ ............... કરે છે.

❉ શબ્દ પરથી વાક્ય બનાવો.

૧. કબૂતર - ............................. ૨. હરણ - ............................

૩. નળ - ............................. ૪. ઘુવડ - ............................

✽ નીચે આપેલ ચિત્રના આધારે શબ્દો અને વાક્યોનું લેખન કરો.



(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

● મહાવરા માટે :

✽ શબ્દોનું વાચન કરો.

રાખડી, લાકડી , ચાવી , ખેતર , દૈનિક ,ઐરાવત , ઝૂલણ , મરઘી, ઊન ,વૈરાગ ,ઘૂઘરી ,વૈદેહી

✽ આપેલ વાક્યોનું વાચન કરો.

- આ વૈદિક ગણિત છે.
- કાકા કાકીને પૈસા આપે છે.
- આ ઝાડની ડાળી છે.
- સુહાની સૂપડી આપે છે.
- નૈતિક સૈનિક પાસે જા.
- કાબર-કબૂતર મેદાન પર ચણે છે.
- હેત દૂધ પીવે છે.
- ઘુવડ રાતે જાગે છે.
- સૈનિકો સેવા કરે છે.
- કાબર આસપાસ જુએ છે.
- નવલ નાચે છે.

❁ શિક્ષક અને વાલીની મદદથી શબ્દ, વાક્ય અને ફકરાનું શ્રુતલેખન અહીં કરો.

# કદમ-૪

● **વિષયવસ્તુના મુદ્દા :-** ભ, ય, ધ, ફ, ો, ૌ, ઢ, ઠ, શ, થ, ં

❀ **નીચેના જેવા શબ્દો પરથી અક્ષર પર ☐ કરો.**

| | | |
|---|---|---|
| ભ | -ભમરડો, આભ, ભડકો, ભજન | (શબ્દમાં 'ભ' ઉપર ☐ કરવું.) |
| ધ | -ધરતી, ધરમ, ધોધ, ગીધ | (શબ્દમાં 'ધ' ઉપર ☐ કરવું.) |
| ય | - યતીન, યજ્ઞ, નિલય | (શબ્દમાં 'ય' ઉપર ☐ કરવું.) |
| ફ | -ફરજ, ફરાળ, નફરત, સાફ | (શબ્દમાં 'ફ' ઉપર ☐ કરવું.) |
| ઢ | -ઢસરડો, ઢમઢમ, અઢળક | (શબ્દમાં 'ઢ' ઉપર ☐ કરવું.) |
| ઠ | -ઠરાવ, મઠ, કઠણ | (શબ્દમાં 'ઠ' ઉપર ☐ કરવું.) |
| શ | -શતરંજ, શરણ, શણગાર | (શબ્દમાં 'શ' ઉપર ☐ કરવું.) |
| થ | -નાથ, સંગાથ, થડ | (શબ્દમાં 'થ' ઉપર ☐ કરવું.) |
| ઓ | -ઓળખ, ઓરડી, જાઓ, ઓમકાર | (શબ્દમાં 'ઓ' ઉપર ☐ કરવું.) |
| ધો | -ધોકો, ધોધમાર, ધોરણ | (શબ્દમાં 'ધો' ઉપર ☐ કરવું.) |
| ઔ | - ઔષધ, ઔષધાલય | (શબ્દમાં 'ઔ' ઉપર ☐ કરવું.) |
| અં | -અંદર, અંગત, અંશ | (શબ્દમાં 'અં' ઉપર ☐ કરવું.) |

❀ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરો અને આપેલ ખાનામાં લખો.**

ધ | મા | લ → ☐

ય | તિ | ન → ☐

ભ | ડ | કો → ☐

અં | દ | ર → ☐

ઉં | દ | ર → ☐

ઔ | ષ | ધ → ☐

ભ | મ | ર | ડો → ☐

અ | ઢ | ળ | ક → ☐

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **ભ** | ભ | ભ | ભ | ભ | ભ | ભ | ભ | ભ | ભ | ભ |
| | ભ | | | | | | | | | |
| **ય** | ય | ય | ય | ય | ય | ય | ય | ય | ય | ય |
| | ય | | | | | | | | | |
| **ધ** | ધ | ધ | ધ | ધ | ધ | ધ | ધ | ધ | ધ | ધ |
| | ધ | | | | | | | | | |
| **ફ** | ફ | ફ | ફ | ફ | ફ | ફ | ફ | ફ | ફ | ફ |
| | ફ | | | | | | | | | |
| **ઢ** | ઢ | ઢ | ઢ | ઢ | ઢ | ઢ | ઢ | ઢ | ઢ | ઢ |
| | ઢ | | | | | | | | | |
| **ઠ** | ઠ | ઠ | ઠ | ઠ | ઠ | ઠ | ઠ | ઠ | ઠ | ઠ |
| | ઠ | | | | | | | | | |
| **શ** | શ | શ | શ | શ | શ | શ | શ | શ | શ | શ |
| | શ | | | | | | | | | |
| **થ** | થ | થ | થ | થ | થ | થ | થ | થ | થ | થ |
| | થ | | | | | | | | | |

| ભો | ભો | ભો | ભો | ભો | ભો | ભો | ભો | ભો | ભો | ભો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભો | | | | | | | | | |

| યો | યો | યો | યો | યો | યો | યો | યો | યો | યો | યો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | યો | | | | | | | | | |

| ધૌ | ધૌ | ધૌ | ધૌ | ધૌ | ધૌ | ધૌ | ધૌ | ધૌ | ધૌ | ધૌ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ધૌ | | | | | | | | | |

| ફૌ | ફૌ | ફૌ | ફૌ | ફૌ | ફૌ | ફૌ | ફૌ | ફૌ | ફૌ | ફૌ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ફૌ | | | | | | | | | |

| ઢં | ઢં | ઢં | ઢં | ઢં | ઢં | ઢં | ઢં | ઢં | ઢં | ઢં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઢં | | | | | | | | | |

| ઠં | ઠં | ઠં | ઠં | ઠં | ઠં | ઠં | ઠં | ઠં | ઠં | ઠં |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઠં | | | | | | | | | |

| શો | શો | શો | શો | શો | શો | શો | શો | શો | શો | શો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | શો | | | | | | | | | |

| થો | થો | થો | થો | થો | થો | થો | થો | થો | થો | થો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | થો | | | | | | | | | |

❁ શીખેલા અક્ષરોના આધારે શબ્દ બનાવો. (ભ, ફ, શ, ઠ, ધો, ઢ, ઔ, શં)

ભમરડો
............. ............. ............. .............


............. ............. ............. .............

❁ ચિત્ર જોઇને શબ્દ લખો.





.................. .................. ..................


.................. .................. ..................

❁ આડા-અવળા અક્ષરોને ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.

૧. તીરધ ધરતી ........ ૨. ભકોડ ......... ૩. ળાઢોક .........

૪. ઔધિષ ....... ૫. તઅંગ ........ ૬. નજભ .........

❁ કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પૂર્ણ કરો. (ધોધમાર, ઠંડી, કડવી, મૂળા)

૧. આજે ........... વરસાદ આવે છે. ૨. અરડૂસી ................ લાગે છે.

૩. મને ............. લાગે છે. ૪. મયૂર ............... ખાય છે.


❁ શબ્દ પરથી વાક્ય બનાવો.

૧. ઇનામ - .............................. ૨. થડ - ................................

૩. શંખ - ................................ ૪. ઠળીયો - ..............................

૫. સૂંઢ - ................................ ૬. ભમરડો - ..............................

❋ ચિત્ર આધારે શબ્દો કે વાક્યોનું લેખન કરો.




(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

● **મહાવરા માટે :**

❋ **શબ્દોનું વાચન કરો.**

ભુજ, ઢબુ, ઢાલ, થડ, ઠૂમકો, ભાનુ, ભૂચર, ફુવારો, ભૂસકો

❋ **વાક્યોનું વાચન કરો.**

- ભૂમિકા રમે છે.
- બાળક ભૂગોળ ભણે છે.
- સાધુ મઢુલીમાં રહે છે.
- મયૂર મૂળા ખાય છે.
- ભાવિન ભૂસકો મારે છે.
- અરડૂસી કડવી લાગે છે.
- આકાશ અજગરને રમાડે છે.
- આજે ધોધમાર વરસાદ આવે છે.
- બકરી બેં-બેં કરે છે.
- કૈલાસ અને ભૂમિકા ગીત ગાય છે.
- લોકો હોળી ઉજવે છે.
- મને દિવાળી ખૂબ ગમે છે.
- ગૌરવ ગીત ગાય છે.

❁ શિક્ષક અને વાલીની મદદથી શબ્દ, વાક્ય અને ફકરાનું શ્રુતલેખન અહીં કરો.

# કદમ-૬

## ● વિષયવસ્તુના મુદ્દા :-

ષ, ત્ર, જ્ઞ, ક્ષ, શ્ર, ઋ, રૂ આધારિત અક્ષરો, શબ્દો, વાક્યો, ફકરાનું વાચન અને લેખન.

### ❊ નીચેના જેવા શબ્દો આપી અક્ષર પર ◯ કરો.

(ષ) - ષટ્કોણ, વિષાદ, નિષાદ, મૂષક, પોષણ (શબ્દમાં 'ષ' ઉપર ◯ કરવું.)

(ત્ર) - નેત્ર, ચૈત્ર, સત્ર, મિત્ર, વાત્રક, ત્રિકોણ (શબ્દમાં 'ત્ર' ઉપર ◯ કરવું.)

(જ્ઞ) - જ્ઞાની, જ્ઞાન, વિજ્ઞાન, યજ્ઞ, પ્રજ્ઞા (શબ્દમાં 'જ્ઞ' ઉપર ◯ કરવું.)

(ક્ષ) - ક્ષણ, રક્ષક, મોક્ષ, અક્ષર, અક્ષય (શબ્દમાં 'ક્ષ' ઉપર ◯ કરવું.)

(શ્ર) - શ્રમ, આશ્રમ, શ્રમિક, શ્રવણ, શ્રદ્ધા (શબ્દમાં 'શ્ર' ઉપર ◯ કરવું.)

(ઋ) - ઋણ, ઋતુ, ઋષભ, ઋષિ, ઋગ્વેદ (શબ્દમાં 'ઋ' ઉપર ◯ કરવું.)

(રૂ) - રૂપિયો, રૂઠવું, મશરૂમ, રૂમાલ, જરૂર (શબ્દમાં 'રૂ' ઉપર ◯ કરવું.)

### ❊ અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરો અને આપેલ ખાનામાં લખો.

ત્રા | જ | વું → [ ]

વિ | જ્ઞા | ન → [ ]

ત્રિ | શૂ | ળ → [ ]

રૂ | મા | લ → [ ]

ષ | ટ્ | કો | ણ → [ ]

જ્ઞા | ન | સ | ત્ર → [ ]

ષ

ત્ર

જ્ઞ

ક્ષ

શ્ર

ઋ

ઉ

❊ શીખેલા અક્ષરોના આધારે શબ્દ બનાવો. (ષ, ય, ત્રિ, ક્ષ, શ્ર, જ્ઞ, રૂ, ઋ)

ષટ્કોણ ............. ............. ............. .............

............. ............. ............. .............

❊ ચિત્ર જોઇને શબ્દ લખો.





.................. .................. ..................





.................. .................. ..................

❊ આડા-અવળા અક્ષરોને ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.

૧. શૂત્રિળ ત્રિશૂળ ........ ૨. વુંજત્રા ......... ૩. ષિઋ .........

૪. આમશ્ર ....... ૫. ત્રિણકો ........ ૬. જ્ઞાનવિ .........

❊ કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પૂર્ણ કરો. (ત્રિકોણ, યજ્ઞ, શ્રવણ, છત્રી)

૧. જેનિશ ત્રિકોણ ............ દોરે છે. ૨. ................ કાવડ લઇને જાય છે.

૩. ઋષિ .............. કરે છે. ૪. ................ વરસાદમાં ઉપયોગી છે.


❊ શબ્દ પરથી વાક્ય બનાવો.

૧. ત્રિશૂળ - ........................ ૨. ત્રિકોણ - ........................

૩. રૂપિયો - ........................ ૪. ઋતુ - ........................

૫. વિજ્ઞાન - ........................ ૬. અક્ષર - ........................

❁ નીચે આપેલ ચિત્રના આધારે શબ્દો અને વાક્યોનું લેખન કરો.



(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

--------------------------------------------------------------

--------------------------------------------------------------

--------------------------------------------------------------

--------------------------------------------------------------

--------------------------------------------------------------

● મહાવરા માટે :

❁ શબ્દોનું વાચન કરો.

ષટ્પદ, ત્રિલોક, જ્ઞાનસત્ર, ક્ષણ, શ્રમજીવી, ઋચા, રૂઆબ

❁ આપેલ વાક્યોનું વાચન કરો.

- ઋષભ રમે છે.
- રમણ ત્રિકોણ દોરે છે.
- મહેશ યજ્ઞ કરે છે.
- શ્રમિકે આજે ખૂબ મહેનત કરી.
- મને વેદની ઋચાઓ યાદ છે.
- તમારો રૂમાલ નીચે પડી ગયો.
- રાજુ મારો મિત્ર છે.
- ગણિત વિષય મને ગમે છે.
- ઉંદરને મૂષક પણ કહેવાય.
- વાંદરો વિચિત્ર નખરા કરે છે.
- હું ગુરુની આજ્ઞા માનું છું.
- મંદિરમાં યજ્ઞ થાય છે.

❈ શિક્ષક અને વાલીની મદદથી શબ્દ, વાક્ય અને ફકરાનું શ્રુતલેખન અહીં કરો.

# કદમ-૭

● **વિષયવસ્તુના મુદ્દા :-**

ન, મ, ગ, વ, સ, બ, અ,પ, ત, ણ, લ, ચ, ખ,ઘ, ભ,ય, ધ, શ, થ, ષ ઉપરાંત ત્ર, જ્ઞ, ક્ષ, શ્ર જેવા જોડાક્ષરો આધારિત શબ્દો,વાક્યો, ફકરાનું વાચન અને લેખન.

✽ **અક્ષરોના ઉપયોગથી બનતા નીચેના જેવા શબ્દોનું વાચન કરો અને આપેલ ખાનામાં લખો.**

| છ | પ્પ | ન | → | ........ |
|---|---|---|---|---|
| ગ | બ્બ | ર | → | ........ |
| અ | સ | ત્ય | → | ........ |
| અ | ન્યા | ય | → | ........ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વ | ન | સ્પ | તિ | → | ........ |
| અ | ર | વ | લ્લી | → | ........ |

✽ **શબ્દ પૂર્ણ કરો.**

થ્થ પથ્થર ............ ત્ય ............ મ્મ ............ ક્ષ્ય ............

સ્પ ............ શ્વ ............ ચ્ચ ............ ન્ય ............

✽ **આડા-અવળા અક્ષરોને ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

૧. ચોનપ્પ ચોપ્પન.......... ૨. લીમુશ્કે ......... ૩. શ્વઇર .........

૪. ટસ્લે ....... ૫. કપુસ્ત ........ ૬. બબરગ ..........

✽ **કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પૂર્ણ કરો. (પુસ્તકો, કિલ્લોલ, અભ્યાસ, સજ્જન)**

૧. પક્ષીઓ બાગમાં કિલ્લોલ............ કરે છે. ૨. ................. આપણાં મિત્રો છે.

૩. રમેશ .............. માણસ છે. ૪. હું શાળામાં ............... કરું છું.

✽ **શબ્દ પરથી વાક્ય બનાવો.**

૧. પથ્થર - ............................ ૨. ઝભ્ભો - ............................

૩. ડબ્બો - ............................ ૪. મુશ્કેલી - ............................

❊ નીચે આપેલ ચિત્રના આધારે વાક્યોનું લેખન કરો.



(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

----------------------------------------------------------------

----------------------------------------------------------------

----------------------------------------------------------------

----------------------------------------------------------------

----------------------------------------------------------------

----------------------------------------------------------------

----------------------------------------------------------------

----------------------------------------------------------------

❁ શિક્ષક અને વાલીની મદદથી શબ્દ, વાક્ય અને ફકરાનું શ્રુતલેખન અહીં કરો.

# કદમ-૮

● **વિષયવસ્તુના મુદ્દા :-** દંડરહિત સમાન અક્ષરોના જોડાક્ષરો

## ❈ જોડાક્ષર પરથી શબ્દ બનાવો.

ઠ્ઠી ચિઠ્ઠી.............. ડ્ડી .............. ટ્ટા ..............

ટ્ટી .............. ઠ્ઠા .............. ડ્ડા ..............

## ❈ અક્ષર જોડી શબ્દો બનાવીને લખો.

પ → ટ્ટી ..............

બુ → ટ્ટી ..............

માપપ → ટ્ટી ..............

## ❈ આપેલા વાક્યોમાંથી જોડાક્ષરો શોધીને બાજુના ☐ માં લખો.

| | | | |
|---|---|---|---|
| લોખંડનો ગઠ્ઠો. | ☐ | ચમનની ચિઠ્ઠી | ☐ |
| મુન્ની રમે છે. | ☐ | કક્કો લખો. | ☐ |
| ચિઠ્ઠી લખો. | ☐ | બિલ્લી ભાગે છે | ☐ |

## ❈ આપેલા શબ્દો સુધારીને લખો.

ઉદા : ડબબો : ડબ્બો

ધકકો :................. મુઠઠી :.................

મુનની :............... બિલલી :.................

## ❈ શબ્દ પરથી વાક્ય બનાવો.

૧. માપપટ્ટી - ..........................................................................

૨. કબડ્ડી ..........................................................................


૩. સજ્જ - ..........................................................................

૪. ચિઠ્ઠી - ..........................................................................

૫. બુટ્ટી - ..........................................................................

૬. રાજ્ય - ..........................................................................

❋ નીચે આપેલ ચિત્રના આધારે વાક્યોનું લેખન કરો.



(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

● મહાવરા માટે :

❋ નીચે આપેલા શબ્દો વાંચો.

લિસ્સો, ડબ્બો, પલ્લવી, મુક્કો, નક્કોર, કક્કો, તુક્કલ, જિલ્લો, જમ્મુ, કલ્લોલ, અપ્પુ

❋ આપેલ વાક્યોનું વાચન કરો.

- પથ્થર લિસ્સો અને ગોળ છે.
- રસ્સી એટલે દોરડું.
- વિદ્યાર્થીઓ કલ્લોલ કરે છે.
- સિક્કિમ એક રાજ્ય છે.
- બાળકો કબડ્ડી રમે છે.
- મને કક્કો આવડે છે.
- આ મોટો પટ્ટો છે.
- આ માપપટ્ટી મારી છે.
- મને શક્કરિયું ભાવે છે.
- મારી બહેને બુટ્ટી પહેરી છે.

❁ શિક્ષક અને વાલીની મદદથી શબ્દ, વાક્ય અને ફકરાનું શ્રુતલેખન અહીં કરો.

## કદમ-૯

● **વિષયવસ્તુના મુદ્દા :-** અસમાન જોડાક્ષરો આધારિત અક્ષરો, શબ્દો, વાક્યો, ફકરાનું વાચન અને લેખન.

❁ **જોડાક્ષર પરથી શબ્દ બનાવો.**

સૈ ...ન્ય...  હ .............  પુ .............

ઓગ .............  .............જ  .............ટ

❁ **કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પૂર્ણ કરો. (ધ્વજ, સ્વાદ, કુસ્તી, લશ્કર, તંદુરસ્ત)**

૧. હું ...તંદુરસ્ત... છું.  ૨. લાલ કિલ્લા પર ................ લહેરાય છે.

૩. રમેશ ............. માં કુશળ છે.  ૪. ભજીયાનો ............... મને ખૂબ ગમે છે.

૫. સૂરજ ............... માં જોડાયો છે.

❁ **શબ્દ પરથી વાક્ય બનાવો.**

૧. હસ્ત - ...........................................................

૨. પ્લેટ ...........................................................

૩. પરસ્પર - ...........................................................


૪. બિલ્લી - ...........................................................

૫. સ્વચ્છ - ...........................................................

❁ **શીખેલા શબ્દોથી ફકરો પૂર્ણ કરો. (ઇચ્છા, લોકો, સ્થળો, ખુશ, ગામમાં)**

મારા ......... વયસ્કો ખૂબ જ છે. બધા જ ....... હળીમળીને રહે છે. મારી .......... બધાને યાત્રા કરાવવાની છે. એટલે મેં બધાને બદ્રીનાથ, કેદારનાથ, ઋષિકેશ, હરિદ્વાર જેવા .......... એ યાત્રા કરાવી, બધા વયસ્કો ખૂબ જ .......... થઈ ગયા.

### ❁ નીચે આપેલ ચિત્રના આધારે વાક્યોનું લેખન કરો.



(સંદર્ભઃ- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

## ● મહાવરા માટે :

### ❁ નીચે આપેલા શબ્દો વાંચો.

- મોહન મુઠ્ઠી વાળી દોડ્યો.
- વિશ્વા છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરે છે.
- બિલ્લી મ્યાઉં મ્યાઉં કરે છે.
- તમારા જિલ્લા અને રાજ્યનું નામ શું છે?
- પંદરમી ઓગસ્ટ એટલે સ્વાતંત્ર્ય દિન.
- પાંદડાં લીલા રંગનાં હોય છે.
- બાપાને ચક્કર આવે છે.
- આપણું પાડોશી રાજ્ય રાજસ્થાન છે.
- હું શાળામાં અભ્યાસ કરું છું.
- મેં આજે ઍમ્બ્યુલન્સ જોઈ.
- આ મારી જગ્યા છે.
- નળ પક્કડ વડે ખુલે.

❁ શિક્ષક અને વાલીની મદદથી શબ્દ, વાક્ય અને ફકરાનું શ્રુતલેખન અહીં કરો.

# કદમ-૧૦

● **વિષયવસ્તુના મુદ્દા :-** પૃ, પ્ર, ક્ર, ર્વ જેવા જોડાક્ષરો આધારિત અક્ષરો, શબ્દો, વાક્યો, ફકરાનું વાચન અને લેખન.

❁ **નીચેના જેવા શબ્દો પરથી અક્ષર પર ☐ કરો.**

ક્ર - ચક્ર, ક્રમ ,શુક્ર (શબ્દમાં 'ક્ર' ઉપર ☐ કરવું.)

પ્ર - પ્રણામ, પ્રજા, પ્રસંગ, પ્રવાસ (શબ્દમાં 'પ્ર' ઉપર ☐ કરવું.)

મૃ - મૃગ, મૃત, મૃદંગ (શબ્દમાં 'મૃ' ઉપર ☐ કરવું.)

ર્મ - ધર્મ , મર્મ, કર્મ (શબ્દમાં 'ર્મ' ઉપર ☐ કરવું.)

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પૃ | પૃ | પૃ | પૃ | પૃ | પૃ | પૃ | પૃ | પૃ | પૃ | પૃ |
| | પૃ | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્ર | પ્ર | પ્ર | પ્ર | પ્ર | પ્ર | પ્ર | પ્ર | પ્ર | પ્ર | પ્ર |
| | પ્ર | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્ર | ક્ર | ક્ર | ક્ર | ક્ર | ક્ર | ક્ર | ક્ર | ક્ર | ક્ર | ક્ર |
| | ક્ર | | | | | | | | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ર્વ | ર્વ | ર્વ | ર્વ | ર્વ | ર્વ | ર્વ | ર્વ | ર્વ | ર્વ | ર્વ |
| | ર્વ | | | | | | | | | |

❁ **શબ્દ પૂર્ણ કરો.**

..પ્ર..તિમા  દ....ણ  મા.......  વૃ.......  પ......ત  આશી.....

❁ **કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય પૂર્ણ કરો. (પ્રાણી, આશીર્વાદ, પ્રાથમિક, મમ્મી)**

૧. મા-બાપના ...આશીર્વાદ... હંમેશાં બાળકની સાથે હોય છે.

૨. વાઘ જંગલી ........... છે.

૩. ............. એ ચપ્પાથી કાકડી કાપી મને આપી.

૪. હું ............... શાળામાં અભ્યાસ કરું છું.

❁ **શબ્દ પરથી વાક્ય બનાવો.**

૧. પર્વત - ..........................................................

૨. વૃક્ષ ..........................................................

૩. દર્પણ - ..........................................................

૪. ચક્ર - ..........................................................

❋ નીચે આપેલ ચિત્રના આધારે વાક્યોનું લેખન કરો.



(સંદર્ભ:- ધોરણ ૧-૨ પ્રજ્ઞા સાહિત્યમાંથી)

----------------------------------------------------------------

----------------------------------------------------------------

----------------------------------------------------------------

----------------------------------------------------------------

----------------------------------------------------------------

----------------------------------------------------------------

----------------------------------------------------------------

● મહાવરા માટે :

❋ નીચે આપેલાં શબ્દો વાંચો અને લખો.

વિશ્વ, વૃદ્ધ, પ્રાચીન, ચંદ્રગ્રહણ, શ્રેષ્ઠ, સમૃદ્ધ, અમૃત, ટ્રાફિક, પ્રાર્થના, ઊર્જા, વૃત્તિ, દ્રોણ, સ્વાસ્થ્ય, જ્યોતિ, સ્થિતિ,બત્તી, શિષ્ય, સ્તબ્ધ, સૌરાષ્ટ્ર, આંધ્રપ્રદેશ

❋ નીચે આપેલાં વાક્યો વાંચો અને લખો.

- ગ્રીસ પ્રાચીન સમયમાં સમૃદ્ધ દેશ હતો.
- અમારી શાળામાં બાલસૃષ્ટિ સામયિક આવે છે.
- મેં પુસ્તકમાં મુખપૃષ્ઠ પર સુંદર રેખાચિત્ર નિહાળ્યું.
- જ્યોતિની પતંગને કિન્ના બાંધી આપો ને !
- તમારા જિલ્લા અને રાજ્યનું નામ શું છે?
- ગુજરાતનો સૌથી મોટો જિલ્લો કચ્છ છે.
- શુક્ર એ સૂર્યમંડળનો અત્યંત તેજસ્વી ગ્રહ છે.
- પાણી પીને વિદ્યાર્થીઓ તૃપ્ત થયા.

❁ શિક્ષક અને વાલીની મદદથી શબ્દ, વાક્ય અને ફકરાનું શ્રુતલેખન અહીં કરો.

# વાચન અને લેખન માટેના ફકરા

૧. એક બતકનું બચ્ચું હતું. એની મા તેને નદી પાસે લઇ ગઈ. ત્યાં જઈ કહે, "ચાલ, તને તરતાં શીખવું." નદી તો બહુ મોટી હતી. નદીના પાણીમાં કાચબા અને મગર હતા.

૨. ખુશાલી રોજ કરતાં વહેલાં તૈયાર થઈ ગઈ. તે અને રમેશ નિશાળે પહોંચ્યાં. તેમણે તેમનો વર્ગ શણગાર્યો. ગુરુજીએ કહ્યું, "વહાલાં વિદ્યાર્થીઓ, આજે ખુશાલીનો જન્મદિવસ છે. ખુશાલીની પ્રગતિ માટે આપણે શુભકામના પાઠવીએ."

૩. વાડની ઓથે એક બખોલ. એમાં રહે સસલાભાઈ અને સસલીબાઈ. એમને બે નાનાં ને રૂપાળાં બચ્ચાં. ધોળાં તો જાણે રૂના પોલ. અહીં તહીં દોડે, કૂદે ને રમે.

૪. સસલાભાઈએ ખોંખારો ખાધો. પોતાનો ડાબો પગ પાંચ વાર ભોંય પર પછાડ્યો. થોર-બાવળનો ભરોસો નહીં. ખરે ટાણે દગો દે! પારકું એ પારકું.

૫. ધરતી, નિલમ અને બ્રિજેશ મામાને ઘરે ગયાં. મામા-માસીએ હેતથી રાખ્યાં. ભાવતાં ભોજન કરાવ્યાં. વાચવા માટે મજાનાં પુસ્તકો આપ્યાં. મામા રોજ અવનવી પ્રવૃત્તિઓ કરાવે.

૬. એક હતી સસલી. બહુ બીકણ તે બહુ બીકણ! મે ગાજે ને બીએ. વીજ ચમકે ને બીએ. વા વાય ને બીએ.

૭. તમે મારા મિત્ર સુરેશને તો ઓળખો ને! સુરેશ ખૂબ ડાહ્યો. સુરેશ ખૂબ જ લાગણીશીલ, બીજાને મદદરૂપ થવા કાયમી તત્પર. કોઈ પશુ-પંખીને દુઃખી જુએ તો એનો જીવ બળે.

૮. બે ભાઈ મળી સંપીને રહેતા હતા. તેઓ સાથે ખેતી કરતા હતા. જે પાકે તે બન્ને સરખે ભાગે વહેંચી લેતા હતા. નાનો ભાઈ કુંવારો હતો. મોટો ભાઈ કુટુંબ કબીલાવાળો હતો.

૯. સિંહ વનનો રાજા કહેવાય છે. તે બળવાન પ્રાણી છે. તેને તીક્ષ્ણ ન્હોર હોય છે. તે માંસાહારી પ્રાણી છે. તે ત્રાડ નાખે છે.

૧૦. એક નાનકડો તંદુરસ્ત બાબો. તેનું નામ હતું મહિમ. તેની મમ્મીનું નામ સોનલબેન. તેના પપ્પાનું નામ નિતેશભાઈ. તે પપ્પા-મમ્મીનો લાડકો દીકરો.

૧૧. એક ભરવાડ હતો. તેની પાસે ઘણાં ઘેટાં-બકરાં હતાં. તેણે ભેંસો પણ રાખી હતી. તે દૂધ, દહીં, છાશ, ઘી વેચતો હતો. એ રીતે પોતાનું ગુજરાન ચલાવતો હતો.

૧૨. ગામ પાસે એક નદી હતી. નદી સાંકડી અને ઊંડી હતી. ચોમાસામાં એમાં ખૂબ પાણી આવતું. સામે કાંઠે જવા માટે લાકડાનો એક પુલ હતો. પુલ કઠેડા વિનાનો સાંકડો હતો.

૧૩. વાઘ ઝાડીમાંથી બહાર આવ્યો. તે શિકારની શોધમાં હતો. તેણે એક માણસને જોયો. વાઘે શિકાર કરવા છલાંગ મારી. માણસ ખૂબ જ ગભરાઈ ગયો.

૧૪. એક ઝાડ હતું. ઝાડ પર કબૂતરનો માળો હતો. ઝાડ નીચે દર હતું. તેમાં એક કીડી રહેતી હતી. કીડી અને કબૂતર મિત્રો હતા.

૧૫. આ ત્રણ વાંદરાનું રમકડું છે. તે સરસ બોધ આપે છે. ખરાબ જોવું નહીં, ખરાબ સાંભળવું નહીં, ખરાબ બોલવું નહીં.

૧૬. મારાં બહેનનું નામ ચેતનાબહેન છે. તે અમને સરસ ભણાવે છે. તે અમને ગીતો ગવડાવે છે. તે અમને રમતો રમાડે છે. તે અમને ચિત્રો દોરાવે છે.

૧૭. એક હતાં કીડીબાઈ. એમને નાનું ખેતર હતું. ટચૂકડાં કીડીબાઈથી જાતે ખેતી થાય નહીં. તે ગયાં મંકોડાભાઈ પાસે.

૧૮. જંગલમાં એક નદી છે. નદીમાં પાણી ખળખળ વહે છે. તેમાં ઘણી માછલીઓ છે. નદીમાં બતક પણ છે. બતક પાણીમાં તરે છે.

૧૯. ગામને પાદરે ખળખળ કરતી નદી વહી જાય છે. નદીની સામે કાંઠે જાતજાતના ઝાડનાં ઝૂંડ આવેલાં છે. ઝૂંડ વચ્ચે એક નાનકડી ઝૂંપડી છે. ઝૂંપડી પાસે નાનો એવો ઓટલો છે. ઓટલા પર એક સાધુ મહારાજ પલાંઠીવાળીને બેઠા છે.

૨૦. ઉનાળાના દિવસો હતા. માથે તાપ ધોમ ધખતો હતો. હરણે પેટ ભરીને ઘાસ ખાધું હતું. હવે તેને ખૂબ તરસ લાગી હતી. બીજાં હરણાંની સાથે તે નજીકના તળાવમાં પાણી પીવા ગયું.

# કદમ-૧૧

## વાચન-અર્થગ્રહણ

❁ **પ્રવૃત્તિ -** નીચે આપેલા ફકરાનું વાચન કરી પ્રશ્નોના જવાબ લખો.

કાશી નગરીમાં એક મોચી રહેતો હતો. તે બહુ પ્રામાણિક હતો. સંતોષી પણ એટલો જ. એકવાર એક સાધુ આવી મોચીને પૂછવા લાગ્યા : ''મોચી ભગત! મારા પગના પગરખાનું શું પડે?''

પ્રશ્નો :- (૧) આ ફકરામાં કયા નગરની વાત કરવામાં આવી છે?

---------------------------------------------------

---------------------------------------------------

(૨) નગરમાં કોણ રહેતું હતું?

---------------------------------------------------

---------------------------------------------------

(૩) મોચી શું કામ કરે છે?

---------------------------------------------------

---------------------------------------------------

(૪) મોચીમાં કેવા – કેવા ગુણ હતા?

---------------------------------------------------

---------------------------------------------------

(૫) 'પગરખાં' એટલે શું?

---------------------------------------------------

---------------------------------------------------

❁ **પ્રવૃત્તિ -** નીચે આપેલા ફકરાનું વાચન કરી પ્રશ્નોના જવાબ લખો.

બપોરે વરસાદનું એક ઝાપટું પડી ગયું. તે પછી સરસ તડકો નીકળ્યો હતો. દીપ અને ઈવા તેમના ઘર આગળ રમતાં હતાં. ત્યાં ઘણાં બધાં પતંગિયાં હતાં. તેમાં મોટી પીળી પાંખોવાળું પતંગિયું ઈવાને ખૂબ ગમી ગયું. દીપ અને ઈવા તે પતંગિયાનો પીછો કરવા લાગ્યાં. તે પતંગિયું ઊડતું ઊડતું લીલા લીમડાના ઝાડ પર જઈને બેઠું. લીમડા પર તો પતંગિયાનો મેળો જામેલો. લીમડા પાસે હળવેથી દીપ અને ઈવા ગયાં. પેલા પીળા પતંગિયાની સાથે બીજાં કેટલાંક પતંગિયાં પણ ઊડી ગયાં. અરેરેરે! ઈવા ઉદાસ થઈ ગઈ.

પ્રશ્નો :- (૧) ઝાપટું એટલે કેવો વરસાદ?

---------------------------------------------------

---------------------------------------------------

(૨) ઈવાએ પતંગિયાં ક્યાં જોયાં?

----------------------------------------------------

----------------------------------------------------

(૩) ઈવાને ગમેલું પતંગિયું કેવું હતું?

----------------------------------------------------

----------------------------------------------------

(૪) ઈવા શા માટે ઉદાસ થઈ ગઈ?

----------------------------------------------------

----------------------------------------------------

(૫) 'પતંગિયાંનો મેળો જામેલો' એટલે શું?

----------------------------------------------------

----------------------------------------------------

❀ **પ્રવૃત્તિ - નીચે આપેલી વાર્તાનું વાચન કરી પ્રશ્નોના જવાબ લખો.**

એક રાજા હતો. તેને બુદ્ધિશાળી અને શાણો પ્રધાન હતો. આથી રાજા નિશ્ચિંત હતો. રાજા એશઆરામવાળી જિંદગી જીવવા લાગ્યો. કામ કરે તો ખાધેલું પચે, થાક લાગે અને ઊંઘ પણ આવે. તે આખી રાત ઢોલિયામાં આળોટ્યા કરે.

રાજાને ચિંતા થવા લાગી. ઊંઘની દવા માટે તેણે અનેક વૈદોને બોલાવ્યા. પરંતુ કોઈની દવા માફક ન આવી. એક દિવસ વિદેશથી એક વૈદ આવ્યા. રાજાનો ભૂતકાળ અને વર્તમાન જાણ્યો. તેને ઉપાય જડી ગયો. વૈદે રાજાને જાદુઈ ગેડીદડો અને દવાની ભૂકી આપી. સવાર - સાંજ ગેડીદડો રમવાની સલાહ આપી. રાજા સવાર - સાંજ ગેડીદડો રમવા લાગ્યા. એક અઠવાડિયામાં જ ઊંઘની ફરિયાદ દૂર થઈ. રાજાએ વૈદને બોલાવી ઈનામ આપ્યું. વૈદે રાજાને શ્રમનું મહત્ત્વ સમજાવ્યું.

**પ્રશ્નો :-** (૧) રાજા કેમ એશઆરામની જિંદગી જીવવા લગ્યો?

----------------------------------------------------

----------------------------------------------------

(૨) રાજાએ વૈદરાજને શેની ફરિયાદ કરી?

----------------------------------------------------

----------------------------------------------------

(૩) વૈદરાજે રાજાના રોગના નિવારણ માટે શું કર્યું?

----------------------------------------------------

----------------------------------------------------

(૪) ગેડીદડો તમને જાદુઈ કેમ લાગ્યો?

----------------------------------------------------

----------------------------------------------------

(૫) આ વાર્તાને તમે કયું શીર્ષક આપશો?

----------------------------------------------------

----------------------------------------------------

❁ **પ્રવૃત્તિ - નીચેના બિલનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ લખો.**

| સપના સુપર માર્કેટ | | | | |
|---|---|---|---|---|
| જયહિંદ સર્કલની બાજુમાં, વડોદરા | | | બિલ નંબર:૧૨૫ | |
| નામ : જનકભાઈ પટેલ | | | તા. ૧૫/૦૩/૨૦૨૦ | |
| **ક્રમ** | **વસ્તુ** | **નંગ / વજન** | **ભાવ (રૂપિયામાં)** | **કિંમત (રૂપિયામાં)** |
| ૧ | સિંગતેલ ડબ્બો | ૧ | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૨ | ચોખા | ૨ કિગ્રા | ૪૫ | ૯૦ |
| ૩ | ઘઉં | ૧૦ કિગ્રા | ૨૦ | ૨૦૦ |
| ૪ | ખાંડ | ૨ કિગ્રા | ૭૦ | ૧૪૦ |
| | | | કુલ | ૧૭૫૦ |

પ્રશ્નો :- (૧) દુકાનનું નામ શું છે?

---------------------------------------------------

---------------------------------------------------

(૨) જનકભાઈ દ્વારા ક્યારે ખરીદી કરવામાં આવી છે?

---------------------------------------------------

---------------------------------------------------

(૩) જનકભાઈ દ્વારા કુલ કેટલા રૂપિયા ચુકવવામાં આવ્યા?

---------------------------------------------------

---------------------------------------------------

(૪) ૧ કિગ્રા ખાંડનો ભાવ શું છે?

---------------------------------------------------

---------------------------------------------------

(૫) ૨ કિગ્રા ઘઉંની કિંમત કેટલી થાય ?

---------------------------------------------------

---------------------------------------------------

(૬) બિલમાં કેટલી વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે?

---------------------------------------------------

---------------------------------------------------

(૭) સપના સુપર માર્કેટ ક્યાં આવેલું છે?

---------------------------------------------------

---------------------------------------------------

(૮) ૧ કિગ્રા ચોખાનો ભાવ શું છે?

---------------------------------------------------

---------------------------------------------------

❀ **પ્રવૃત્તિ - નીચેના કોષ્ટકનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ લખો.**

| ક્રમ | કાર્યસૂચિ | સમય | સ્થળ |
|---|---|---|---|
| ૧ | વ્યક્તિગત ગીત | ૧૦:૩૦ થી ૧૨:૩૦ | શ્રી ગિજુભાઈ હોલ |
| ૨ | સમૂહગીત | ૧:૩૦ થી ૩:૫૦ | અભિવ્યક્તિ મંચ |
| ૩ | લોકસંગીત | ૪:૦૦ થી ૬:૦૦ | પ્રાર્થના હોલ |
| ૪ | શાસ્ત્રીય સંગીત | ૭:૦૦ થી ૮:૩૦ | શ્રી ગિજુભાઈ હોલ |

**પ્રશ્નો :-** ૧. સંગીતા પોતાનું ગીત રજૂ કરવા કયા સમયે જશે?

---

---

૨. ગીતા, કવિતા, રાજેશ અને મહેશે એક ગીત સાથે મળી તૈયાર કરેલું છે, તો તેઓ રજૂઆત કરવા કયાં જશે?

---

---

૩. ૧૨:૩૦ થી ૧:૩૦ ના સમય દરમિયાનના સમયને શું કહી શકાય?

---

---

૪. કઈ સ્પર્ધામાં સૌથી વધુ સમય લાગશે?

---

---

૫. પ્રાર્થના હોલનો ઉપયોગ કઈ સ્પર્ધા માટે થશે?

---

---

❀ **પ્રવૃત્તિ - નીચે આપેલા ફકરાનું વાચન કરી પ્રશ્નોના જવાબ લખો.**

ગાંધીજીનો માનવીમાંથી ને ઈશ્વરમાંથી વિશ્વાસ ડગ્યો ન હતો. ગાંધીજીએ તો ઘણા આઘાતો અનુભવ્યા હતા. હૃદયને ભાંગી નાખે એવા પ્રસંગો જોયા હતા. આ બધી વખતે તેમને ક્યાંથી શક્તિ મળતી તે વિશે એમણે કહ્યું. ''પ્રાર્થનાએ જ મને બચાવ્યો છે, પ્રાર્થના વિના હું ક્યારનો ગાંડો બની ગયો હોત. મને થયેલા કડવામાં કડવા અને જાહેર અનુભવો થોડો વખત મને નાસીપાસ કરતા, પણ પ્રાર્થનાથી મારો નિરાશાનો અંધકાર દૂર થતો. પ્રાર્થના સત્યની જેમ જ મારા જીવનની જોડે વણાઈ ગઈ છે. રોજબરોજ મને આઘાત આપનાર અને દુઃખી કરનાર એટલા બનાવો બને છે કે જો આવે વખતે પણ મારા હૃદયમાં રહેલા પરમાત્માનો મેં અનુભવ ન કર્યો હોત તો મારું મગજ ભમી ગયું હોત.''

**પ્રશ્નો :-** (૧) ગાંધીજી શા માટે નાસીપાસ થઈ જતા હતા?

---

---

(૨) પરમાત્માનું રહેઠાણ ક્યાં છે?

---

(૩) પ્રાર્થનાએ ગાંધીજીને શું શીખવ્યું?

---

(૪) ગાંધીજીએ માનવી પરથી વિશ્વાસ ડગ્યો નથી એમ શાથી કહ્યું ?

---

(૫) આ ફકરાનું યોગ્ય શીર્ષક લખો /આપો.

---

## ❃ પ્રવૃત્તિ - નીચે આપેલા ફકરાનું વાચન કરી પ્રશ્નોના જવાબ લખો.

આણંદપુરના એક ખૂણામાં ઝૂંપડાં જેવાં માત્ર ત્રણ મકાન પોતાના દેખાવથી આવતાં જતાંનું લક્ષ ખેંચી રહેતાં. જૂની ખખડધજ આમલી ત્રણે મકાનોને ઢાંકતી, ચારે તરફ ગટરની દુર્ગંધ છૂટતી અને ધૂળના ગોટા ઊડતા. પતરાનાં, પાટિયાનાં અને ગૂણિયાનાં એમ અનેકરંગી થીગડાં મારેલી ખડકી ખુલ્લી રહેતી. અંદર એક ફાટેલ-તૂટેલ સાદડી પર જુમો ભિસ્તી પોતાનો હોકો ગગડાવતો બેઠો હોય. જુમાએ સોનારૂપાના વાસણથી માંડીને ઠીકરાની ફૂટેલી હાંડલી સુધી બધા તડકા છાંયડા જોઈ લીધા હતા. જન્મ્યો ત્યારે શ્રીમંત મા-બાપને ત્યાં એક હાથમાંથી બીજા હાથમાં ફર્યા કરતો. હજી એને સાંભરતું હશે કે પોતે દસ વર્ષનો થયો ત્યારે હાથી પર બેસીને પરણવા નીકળેલો. એ વખતે તેણે શોખ ખાતર એક પાડો પાળેલો. આજ અનેક રંગો જોયા પછી બંને જણા વેણુ અને જુમો સાથે રહેતાં.

પ્રશ્નો :- (૧) 'લક્ષ ખેંચી રહેતાં' – એટલે શું?

---

(૨) ખખડધજ એટલે કેવી?

---

(૩) જુમો અમીર છે કે ગરીબ તે શેના આધારે કહી શકાય?

---

(૪) ફકરામાં આવતા જોડાક્ષરો શોધીને લખો.

---

❀ **પ્રવૃત્તિ - જનક અને શિક્ષક વચ્ચે ફોન પર થયેલા સંવાદોને યોગ્ય ક્રમમાં ગોઠવી લખો.**

જનકઃ પણ સર, મારે તો સાંજે મારા મામાના ઘરે જમવા જવાનું છે.

શિક્ષક : જનક! બોલ બેટા, શું હતું?

શિક્ષક : અરે! તો ફોન તો તારી પાસે હશે જ અને પાઠ્યપુસ્તક તો તારા મામાના દીકરા પાસે પણ હશે.

જનક : હા, સાચું ટીચર! ઓકે, ચાલો, સાંજે આપણે ઓનલાઈન ક્લાસમાં મળીશું. આવજો...

શિક્ષક : દરરોજ હોય છે તે જ સમયે સાંજે ૬ વાગે.

જનક : સર, ગુજરાતીનો ઓનલાઈન ક્લાસ કેટલા વાગે છે?

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------


------------------------------------------------------------

------------------------------------------------------------

# સ્વતંત્રલેખન

❊ **વિદ્યાર્થીઓને સ્વતંત્રલેખન માટે નીચેની પ્રવૃત્તિઓ કરો.**

❊ **પ્રવૃત્તિ - નીચે આપેલા ચિત્રને આધારે બે કે ત્રણ વાક્યો લખો.**



--------------------------------------------------------------------

--------------------------------------------------------------------

--------------------------------------------------------------------

--------------------------------------------------------------------

--------------------------------------------------------------------

❊ **પ્રવૃત્તિ :- 'ચોમાસા' વિશે બે કે ત્રણ વાક્યો લખો.**

--------------------------------------------------------------------

--------------------------------------------------------------------

--------------------------------------------------------------------

--------------------------------------------------------------------

❋ **પ્રવૃત્તિ :- ચિત્રનું વર્ણન કરો.**



------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

❋ **પ્રવૃત્તિ :- મુદ્દા પરથી વાર્તા લખો.**

નગરનો માર્ગ - માર્ગમાં પથ્થર - પથ્થર અનેકને નડે - કોઈ પથ્થર ખસેડતું નથી - છેવટે એક માણસ પથ્થર ઉપાડે છે - પથ્થર નીચે રાજાની ચિઠ્ઠી - સોના મહોર - "પથ્થર ખસેડવાનું ઈનામ" - નગરજનો પર તેની અસર - શીર્ષક - બોધ

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

❃ **પ્રવૃત્તિ :-** ચિત્રનું વર્ણન કરો.




-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

❃ **પ્રવૃત્તિ :-** વરસાદના આગમન બાદ તમારી આજુબાજુની પ્રકૃતિમાં તમે કેવા ફેરફાર થતા જોયા છે? તેનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

-----------------------------------------------------------------------

❋ **પ્રવૃત્તિ :- નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાર્તા લખો.**

(શિયાળ, સસલું, મોબાઈલ, જન્મદિવસ, નોતરું, સિંહ, વન, ડાન્સ, પર્વત, નદીકિનારો, આનંદ, ગુસ્સો, ઝડપથી, તરત જ)

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

❋ **પ્રવૃત્તિ :- નીચે આપેલી અધૂરી વાર્તા ઓછામાં ઓછા બારથી પંદર વાક્યો ઉમેરીને પૂર્ણ કરો.**

એક વાર સાવ સૂમસામ રોડ ઉપર અંધારી રાત્રે એક છોકરી સુંદર ગીત ગાઈ રહી હતી. એનો અવાજ સાંભળીને ઝાડ પર સૂઈ રહેલી કોયલ પણ જાગી ગઈ અને વિચારવા લાગી, 'વાહ! કેટલો મધુર અવાજ છે!' એણે પોતાના મીઠા અવાજથી ટહુકો કર્યો. ઓ બહેન, તમારું નામ શું છે? આવી અંધારી રાત્રે તમે ક્યાં જાઓ છો? ગીત કેમ ગાઓ છો? તમારો કંઠ તો ખૂબ મીઠો છે. એ છોકરીએ કહ્યું: 'કોયલબેન મારૂં નામ' .............

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

------------------------------------------------------------

समग्र शिक्षा
Samagra Shiksha



GCERT
Gandhinagar

**જીસીઈઆરટી, ગાંધીનગર**